પ્રાથમિક શાળાઓમાં ખાલી જગ્યાઓ ભરવા વિદ્યાસહાયક યોજના-ઉપલી વય મર્યાદા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃ-પીઆરઇ-૧૧૨૦૧૨-૫૫૨૨૩૧-ક.**
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૨/૦૧/૨૦૧૩.

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-પીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક, તા.૨૭-૪-૨૦૧૧.

(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-પીઆરઇ-૧૧૨૦૧૧ સીંગલ ફાઇલ-૭-ક, તા.૧૧-૭-૨૦૧૧.

(૩) સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-સીઆરઆર-૧૧૨૦૦૮-૨૮૨૩૨૩-ગ, તા.૨૯-૯-૨૦૧૨.

(૪) કમિશનરશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી તરફથી તા.૧૦-૧૨-૨૦૧૨ ના રોજ સીંગલ ફાઇલ ક્રમાંકઃ- પીઆરઇ-૧૨૨૦૧૨-સીંગલ ફાઇલ-૪૧ પર રજૂ થયેલી દરખાસ્ત.

ઠ રા વઃ-

સંદર્ભ -(૪) માં દર્શાવેલી દરખાસ્તથી કમિશનરશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા સંદર્ભ-(૩) માં દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯-૯-૨૦૧૨ ના ઠરાવથી સરકારી નોકરીઓમાં સ્નાતકની લાયકાત ધરાવતા ઉમેદવારોની ભરતી કરવાની હોય તેવી જગાઓ માટે ઉપલી વય મર્યાદા ૨૮ વર્ષને બદલે ૩૦ વર્ષ કરવાની થયેલ જોગવાઇ ધ્યાન લઇને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ માટે વિદ્યાસહાયકોની ભરતી માટેની મહત્તમ વય મર્યાદા ૨૮ વર્ષને બદલે ૩૦ વર્ષ કરવાની દરખાસ્ત થયેલ છે જે દરખાસ્ત અંગે કાળજીપૂર્વકની વિચારણાને અંતે શિક્ષણ વિભાગના તા.૨૭-૪-૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃ-પીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક ના ફકરા-(૧૩) માં દર્શાવેલી મહત્તમ વય મર્યાદા ૨૮ વર્ષને બદલે ૩૦ વર્ષની કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અનંત પટેલ)
નાયબ સચિવ(પ્રાથમિક શિક્ષણ),
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષા મંત્રીશ્રીઓ (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (પ્રા.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ, સચિવાલય, ગાંધીનગર

- કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાઓની કચેરી ગાંધીનગર.
- કમિશનરશ્રી, પ્રાથમિક શિક્ષણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.,
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પાઠય પુસ્તક મંડળ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત, રાજય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વ શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત

  } કમિશનરશ્રી, પ્રાથમિક શિક્ષણ ગાંધીનગર મારફત.

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીઓ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ, સચિવાલય, ગાંધીનગર
- સીલેકટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ/-